ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

# ગુજરાતમાં ડેરી ઉદ્યોગનો ઉદ્ભવ અને વિકાસ

પરમાર મનીષા

રિસર્ચ સ્કોલર,

ઈકોનોમિક્સ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,

રાજકોટ

## સારાંશ

ડેરી ઉદ્યોગ ભારતમાં ઝડપી વિકાસ પામતો ઉદ્યોગ છે. ભારત સૌથી વધુ દૂધ ઉત્પાદક અને વપરાશકારક દેશ છે. ભારતમાં ડેરી ઉદ્યોગનો વિકાસ ગુજરાત,પંજાબ, હરિયાણા વગેરે સિવાય અન્ય રાજ્યોમાં જોઈતા પ્રમાણમાં થયો નથી. ગુજરાતને ભારતનું ડેરી ઉદ્યોગનું ડેનમાર્ક કહેવામાં આવે છે. ભારતના કુલ દૂધના ઉત્પાદનમાં ગુજરાત રાજ્ય પાંચમાં ક્રમ છે. ડેરી ઉદ્યોગ દૂધની બનાવટની નિકાસ કરીને વિદેશી હુંડિયામણ મેળવે છે. પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી વધારે છે તેથી લોકોની આવક વધે છે. આમ ડેરી ઉદ્યોગનું ઘણું મહત્વ છે તેથી પ્રસ્તુત સંશોધન લેખમાં ગુજરાતમાં ડેરી ઉદ્યોગનો તબક્કાવાર વિકાસ, ગુજરાતનું કુલ દૂધનું ઉત્પાદન અને માથાદીઠ પ્રાપ્યતાનું પ્રમાણ વગેરે વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

## ➢ પ્રસ્તાવના

કોઈ પણ અર્થતંત્રના વિકાસનો આધાર ત્રણ ક્ષેત્ર પર હોય છે. (1) પ્રાથમિક ક્ષેત્ર (2) દ્વિતિય ક્ષેત્ર (3) તૃતીય ક્ષેત્ર. પ્રાથમિક ક્ષેત્રમાં શિકાર, પશુપાલન પ્રવૃતિઓ, વનીકરણ, કૃષિ અને ખાણકામનો સમાવેશ થાય છે. પ્રાથમિક ક્ષેત્ર કુદરત સાથે સીધો સંબંધ ધરાવે છે. 2011 પ્રમાણે ગુજરાતની કુલ 6.04 કરોડ છે. તેમાં ગામડામાં 3.47 કરોડ વસ્તી રહે છે. ગામડામાં રહેતા મોટાભાગના લોકો રોજગારી માટે કૃષિ ક્ષેત્ર પર આધાર રાખે છે. આ ખેડૂતો કૃષિની સાથે પૂરક વ્યવસાય તરીકે પશુપાલન પણ કરે છે. પશુપાલકોના દૂધને કાચા માલ તરીકે ઉપયોગ કરીને અત્યંત વિશિષ્ટ ક્ષેત્ર ડેરી ઉદ્યોગનો વિકાસ થયો છે. વસ્તી વધારા, શહેરીકરણ, ઊંચા જીવનધોરણ, આવકમાં વધારો વગેરે કારણોને લીધે દિવસે ને દિવસે દૂધ અને દૂધની બનાવટની માંગમાં વધારો થતો રહે છે.

## ➢ ડેરી શબ્દનો અર્થ

ડેરી શબ્દ દૂધ સાથે સંકળાયેલ છે. તેથી દૂધ સંબંધી સંપૂર્ણ વિજ્ઞાનનો તેમાં સમાવેશ થાય છે. ડેરી શબ્દ પ્રાચીન અંગ્રેજી ડીરી (Deyerie) ઉપરથી આવેલો છે. આ શબ્દ ડી (Dey) નું રૂપાંતરણ છે. ડી નો અર્થ સ્ત્રી નોકર એવો થાય છે. પ્રાચીન સમયમાં જાનવરોની દેખભાળ સ્ત્રી નોકરો દ્વારા કરવામાં આવતી હતી.

સામાન્ય રીતે ડેરી એટલે એવું સ્થળ કે જ્યાં દૂધ સંગ્રહિત કરવામાં આવે છે, તેના પર પ્રક્રિયા કરવામાં આવે છે, દૂધમાંથી જુદા જુદા ઉત્પાદન બનાવવામાં આવે છે જેમ કે માખણ, ચીઝ, ઘી વગેરે અને તેનું વેચાણ

કરવામાં આવે છે.

## ➢ અભ્યાસના હેતુ

(૧) ગુજરાતમાં ડેરી ઉદ્યોગના ઉદ્‌ભવ અને વિકાસ વિષે જાણવું.

(૨) ગુજરાતનું કુલ દૂધનું ઉત્પાદન અને માથાદીઠ દૂધ પ્રાપ્યતાનું પ્રમાણ જાણવું.

(3) ગુજરાતના જુદા જુદા જિલ્લાઓના દૂધ ઉત્પાદનનો અભ્યાસ કરવો.

## ➢ માહિતી એકત્રીકરણ અને સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં પુસ્તકો, સંશોધન નિબંધ, અને વેબસાઈટ પરથી ગૌણ માહિતી એકત્રીત કરીને પ્રસ્તુત લેખ તૈયાર કરવામાં આવ્યો છે. અને સંશોધન પદ્ધતિઓ પૈકીની વર્ણાનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## ➢ ગુજરાતમાં ડેરી ઉદ્યોગનો ઉદ્‌ભવ અને વિકાસ

**(૧) ખાનગી ક્રીમરી (1801)**

ઓગણીસમી સદીના પ્રારંભે મુંબઈની એક એન્જિનિયરિંગ પેઢીએ દૂધમાંથી મલાઈ(ક્રીમ) કાઢવાનું સેપરેટર મશીન પરદેશથી મંગાવી ખેડા જિલ્લાના રાસ ગામના વેપારીને વેચ્યું. સૌ પ્રથમ એણે ગામમાં દૂધમાંથી ક્રીમ કાઢવા માટે ક્રીમરી શરૂ કરી. ત્યાર પછી ધીમે ધીમે અમદાવાદ તથા અન્ય વિસ્તારોમાં ક્રીમરી શરૂ થવા લાગી.

**(૨) સ્ટ્રેફર્ડ ડેરી પ્લાન્ટ (1900)**

ઈ.સ. 1900ની આસપાસ બ્રિટિશ એક્સપ્રેસ ડેરીના માલિક એ.સી.સ્ટ્રેફર્ડ પહેલો ડેરી પ્લાન્ટ ખેડા જિલ્લામાં નાખ્યો. દૂધમાંથી મલાઈ કાઢી લીધા પછી દૂધ ફૈકી દેવામાં આવતું તેમાંથી તેઓ માખણ બનાવતા અને પરદેશ મોકલતા ઈ.સ. 1910-11માં મુંબઈથી રોજ 45000 કિ.ગ્રા. માખણ પરદેશ નિકાસ કરતા.

**(3) કોહલર ડેરી (1911)**

ઈ.સ. 1911માં જર્મનીથી મુંબઈ આવેલા એ.એન.કોહલરે આણંદ અને તેની આસપાસ આવેલા ગ્રામવાસીઓનું દૂધ ખાનગી ક્રીમરીમાં આવતું અને તેમાંથી મલાઈ કાઢી લીધા પછી દૂધ રસ્તા પર ઢોળી દેતા તે સાંભળ્યું. કોહલરને લાગ્યું કે, આ નકામા પ્રવાહી દૂધને ઉપયોગમાં લઈ નફો મેળવી શકાય. કોહલર પનીરના ઉત્પાદન સાથે જોડાયા હતા. આણંદ નજીક આવેલા ગામમાં એક એકમ શરૂ કર્યું. પહેલા તો મલાઈ કાઢેલુ દૂધ એમને મફતમાં મળતું હતું. પાછળથી 1 પૈસામાં 40 લિટરના ભાવે ખરીદવા લાગ્યા. પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન કોહલર જર્મની પરત ફર્યા.

**(૪) ભારત ડેરી સપ્લાય કંપની (1912)**

નડિયાદમાં સ્ટ્રેટોન એન્ડ કંપનીએ ભારત ડેરી સપ્લાય કંપનીની શરૂઆત કરી. આ કંપની દૂધમાંથી મલાઈ કાઢી એમાંથી માખણ, દૂધનો પાવડર અને ચીઝ બનાવતી. 1914માં અંગ્રેજ ડેરીના નિષ્ણાંત જી.આર.રીવ્ઝ આ કંપનીમાં જોડાયા. 1916-17માં આ કંપનીને રીવ્ઝના અનુભવ અને કુશળતાનો લાભ મળવાથી આશરે 11365 કિ.ગ્રા. માખણ અને તેનાથી થોડું ઓછું પેશ્ચ્યુરાઈઝ દૂધ તથા પનીર રોજ મુંબઈ મોકલતી.

VIDHYAYANA

**(૫) સરકારી ક્રીમરી (1916)**

જી.આર.રીવ્ઝે અમદાવાદમાં સરકારને સેવા આપી. એક સરકારી ક્રીમરી મલાઈ કાઢવાની પહેલી યાંત્રિક ડેરી સ્થાપી. આનું નામ “ સરકારી કેન્દ્રીય મલાઈ ઉદ્યોગ ” હતું. આ જોઈને આણંદમાં પણ મલાઈ બનાવવાનું કારખાનું સ્થાપ્યું. આનો ઉદ્દેશ પણ સૈન્ય માટે દૂધની બનાવટો તૈયાર કરવાનો હતો. પ્રથમ વિશ્વયુદ્ધને લીધે આણંદની સરકારી ક્રીમરી બંધ થઈ. 1944માં ફરીથી ક્રીમરી ખોલવામાં આવી. આ ક્રીમરીમાં ડો.વર્ગીસ કુરિયન 13મી મે, 1949માં ડેરી ઈજનેર તરીકે જોડાયા. ડિસેમ્બર 1949 માં ડો.કોઠાવાલાના કહેવાથી આણંદની સરકારી ક્રીમરી કાયમ માટે બંધ કરવામાં આવી.

**(૬) પોલસન ડેરી (1930)**

મુંબઈના પારસી પેસ્તનજી એદલજી પોલસને લશ્કરને માખણ પૂરું પાડવા માટે મુંબઈમાં ખાનગી નાની

ડેરી શરૂ કરી હતી. ખેડા જિલ્લો ઊંચા ફેટવાળા દૂધથી ઉભરાય છે એની પોલ્સનને સારી રીતે ખબર હતી. 1930માં આણંદ ખાતે રૂ. 9 લાખના ખર્ચ પોલસન ડેરીની સ્થાપના કરી. 3 જાન્યુઆરી 1930 માં ડેરીનું ઉદ્દઘાટન કરવા મુંબઈ રાજ્યના ગવર્નર સર ફ્રેડરીક સાયકસ આવ્યા હતા. આ સમયે માખણનું દૈનિક ઉત્પાદન 455 મેટ્રિક ટન હતું. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન માખણની માંગ વધતા ડેરી ઉદ્યોગને પ્રોત્સાહન મળ્યું. દૂધ ઉત્પાદન વધ્યુ દૈનિક 5000 મે.ટન માખણનું ઉત્પાદન પહોંચ્યું.

6 નવેમ્બર 1962માં પોલસનનું અવસાન થયું. 1974 સુધી આ ડેરી લંગડાતી સ્થિતિમાં ચાલી આ દરમિયાન આની સ્થિતિ એવી દયાજનક બની ગઈ કે દૂધ પૂરું પાડનારાઓને દૂધના પૈસા આપવાની સ્થિતિ પણ ન રહી. ઉત્પાદન અટકી ગયું અને ડેરી બંધ થઈ ગઈ. ડેરીના મોટાભાગના યંત્રો એન.ડી.ડી.બી.એ ખરીદી લીધા. 1977માં પોલસન ડેરીના મકાનને હોમિયોપેથિક હોસ્પિટલમાં ફેરવી નાખવામાં આવી.

**(૭) સહકારી ધોરણે ડેરીની શરૂઆત**

1904 માં મુંબઈ સરકારે ખેડા જિલ્લા સહિત 6 જિલ્લાઓમાં સહકારી પ્રવૃત્તિઓનો આરંભ કરવા આદેશ કર્યો. 1912માં સહકારી ધારાને વધુ અસરકારક બનાવ્યો. 1937માં સતામાં આવેલી કોંગ્રેસ સરકારે સહકારી પ્રવૃત્તિમાં વધારે રસ દાખવ્યો. નાણામંત્રી વૈકુંઠલાલ મહેતા અને સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર એમ.ડી ભણસાલીએ એક રિપોર્ટ તૈયાર કર્યો. આ અન્વયે સહકારી પ્રવૃતિનો વિકાસ થયો.

VIDHYAYANA

ખેડા જિલ્લામાં પોલસન ડેરી દ્વારા ખેડૂતોનું વિવિધ પ્રકારે દૂધ વ્યવસાયમાં શોષણ થતું હતું. વળી પોલસન ડેરીએ મુંબઈ સરકાર પાસેથી ખેડા જિલ્લામાંથી દૂધ ભેગું કરવાનો એકાધિકાર સત્તાવાર રીતે મેળવ્યો. એકહથ્થું ઈજારાના કારણે લિટર દૂધના 4 આનાથી દૂધની ખરીદી કરવા લાગ્યા. વળી શિયાળાની ઋતુમાં જ્યારે દૂધનું વધારે ઉત્પાદન થાય ત્યારે પોલસન ડેરી તેને જોઈતું જ દૂધ ખરીદે અને ભાવ ઘટાડે. જાન્યુઆરી 1946નાં રોજ મોરારજીભાઈના અધ્યક્ષપણા હેઠળ આણંદ નજીકના સામરખા ગામે સહકારી દૂધ મંડળી રચવા ઐતિહાસિક સભા ભરી. સભામાં બે ઠરાવ પસાર કર્યા.

(૧) પોલસન ડેરીને કોઈએ દૂધ વેચવું નહીં.

(૨) દરેક ગામમાં એક દૂધ સહકારી મંડળી સ્થાપવી અને તેનું મુખ્ય મથક આણંદમાં રાખવું.

મુંબઈ સરકાર દૂધ સહકારી મંડળી પાસેથી દૂધ ખરીદવાની હા ન પાડે ત્યાં સુધી કોઈ ખેડૂત ખેડાના

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

કોન્ટ્રાક્ટરોને દૂધ વેચશે નહિ. દૂધ હડતાલના 15 દિવસો પછી સરકારે નમતું જોખ્યું. અને માત્ર પોલસનને લાભ થાય એવા એકહથ્થું હુકમને પાછો ખેંચી લીધો. દૂધ કમિશનર જાતે શરતો નક્કી કરવા આણંદ આવ્યા. એવું નક્કી થયું કે ગ્રામ દૂધ સહકારી મંડળી એમના સંઘની સ્થાપના ન થાય ત્યાં સુધી સીધું કોન્ટ્રાક્ટરોને દૂધ વેચશે. પછી દૂધ સહકારી સંઘ દૂધ એકત્ર કરી મુંબઈ દૂધ યોજનાને મોકલશે. 14 ડિસેમ્બર 1946 ના રોજ 5 ગામની દૂધ સહકારી મંડળીઓને રજિસ્ટર કરી તથા ૭૦ આશ્રયદાતાઓની મદદથી ' ખેડા દૂધ સહકારી સંઘ લિ.' ને પુના રજિસ્ટ્રારની ઓફિસે સહકારી સોસાયટી ધારા અન્વયે રજિસ્ટર કરાવ્યો.

- **માહિતીનું વિશ્લેષણ**
- **ગુજરાતમાં દૂધનું કુલ ઉત્પાદન અને માથાદીઠ દૂધ પ્રાપ્યતા**

| વર્ષ | દૂધનું કુલ ઉત્પાદન (હજાર ટન) | માથાદીઠ દૂધ પ્રાપ્યતા (ગ્રામ/દિવસ) |
|---|---|---|
| 2011-12 | 9817 | 445 |
| 2012-13 | 10315 | 476 |
| 2013-14 | 11112 | 506 |
| 2014-15 | 11691 | 527 |
| 2015-16 | 12262 | 545 |
| 2016-17 | 12784 | 563 |
| 2017-18 | 13569 | 592 |
| 2018-19 | 14493 | 626 |

Source:- https://www.nddb.org

- **અર્થઘટન**

ઉપરોક્ત કોષ્ટકમાં 2011-12 થી 2018-19 સુધીમાં ગુજરાતનું કુલ દૂધનું ઉત્પાદન અને માથાદીઠ પ્રાપ્યતાનું પ્રમાણ દર્શાવેલ છે. 2011-12 થી 2018 -19 સુધીમાં દૂધના ઉત્પાદનમાં સતત વધારો થયેલો જોવા મળે છે. ૨૦૧૧માં કુલ દૂધનું ઉત્પાદન 9817 (હજાર ટન) હતું. જે વધીને 2018-19માં 14493 (હજાર ટન) થયું છે. 2011-12 થી 2018-19 સુધીમાં માથાદીઠ દૂધ પ્રાપ્યતાના પ્રમાણમાં પણ સતત વધારો થયેલો જોવા મળ્યો છે. 2011-12માં માથાદીઠ દૂધની પ્રાપ્યતા 445 (ગ્રામ/દિવસ) હતી. જે વધીને 2018-19માં 626

(ગ્રામ/દિવસ) છે. આમ ઉપરોક્ત કોષ્ટક જોતા સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં માથાદીઠ દૂધ પ્રાપ્યતાના પ્રમાણ અને દૂધના ઉત્પાદનમાં સતત વધારો થયો છે.

➢ **ગુજરાતના જુદા જુદા જિલ્લાઓનું દૂધ ઉત્પાદન (2018-19)**

| જિલ્લા | દૂધનું ઉત્પાદન (હજાર ટન) | ક્રમ |
|---|---|---|
| બનાસકાંઠા | 2027.95 | 1 |
| સાબરકાંઠા | 1284.37 | 2 |
| મહેસાણા | 914.42 | 3 |
| ખેડા | 827.80 | 4 |
| પંચમહાલ | 726.44 | 5 |
| જુનાગઢ | 701.87 | 6 |
| રાજકોટ | 684.93 | 7 |
| આણંદ | 682.22 | 8 |
| કચ્છ | 591.01 | 9 |
| ભાવનગર | 566.0 | 10 |
| | | |

Source:- Dairying in Gujarat A Statistical Profile 2013

- **અર્થઘટન**

ઉપરોકત કોષ્ટકમાં ગુજરાતમાં દૂધનું વધુ ઉત્પાદન કરતાં જુદા જુદા 10 જિલ્લાઓનુ 2018-19ના વર્ષનું દૂધનું ઉત્પાદન અને ક્રમ દર્શાવવામાં આવ્યા છે. બનાસકાંઠા જિલ્લો દૂધના ઉત્પાદનમાં પ્રથમ સ્થાન ધરાવે છે. જેનું દૂધનું ઉત્પાદન 2027.95 (હજાર ટન) છે. સાબરકાંઠા જિલ્લો ઉત્પાદનમાં બીજો ક્રમ ધરાવે છે. જેનુ દૂધનું ઉત્પાદન 1284.37 (હજાર ટન) છે. ભાવનગર જિલ્લો દૂધ ઉત્પાદનમાં દશમો ક્રમ ધરાવે છે. જેનુ દૂધનું ઉત્પાદન 566.01 (હજાર ટન) છે. ઉપરોક્ત 10 જિલ્લાઓમાં ગુજરાતમાં સૌથી વધુ દૂધનું ઉત્પાદન થાય છે બાકીના જિલ્લાઓ દૂધના ઉત્પાદનમાં પાછળ છે.

- **ભારતનાં દૂધ ઉત્પાદનમાં ગુજરાત રાજ્યનો હિસ્સો**

| વર્ષ | ભારત (હજાર ટન) | ગુજરાત (હજાર ટન) | ગુજરાતનો હિસ્સો (%) |
|---|---|---|---|
| 2011-12 | 127,904 | 9817 | 7.67 |
| 2012-13 | 132,431 | 10315 | 7.78 |
| 2013-14 | 137,685 | 11112 | 8.07 |
| 2014-15 | 146,314 | 11691 | 7.98 |
| 2015-16 | 155,491 | 12262 | 7.88 |
| 2016-17 | 165,404 | 12784 | 7.72 |
| 2017-18 | 176,342 | 13569 | 7.69 |
| 2018-19 | 187,749 | 14493 | 7.84 |

Source :- https://www.nddb.org

ઉપરોક્ત કોષ્ટકમાં ભારતના કુલ દૂધના ઉત્પાદનમાં ગુજરાત રાજ્યનો કેટલો હિસ્સો છે. તેનું પ્રમાણ દર્શાવવામા આવ્યું છે. 2013-14 ના વર્ષમાં ભારતના કુલ દૂધના ઉત્પાદનમાં ગુજરાત રાજ્યનો હિસ્સો સૌથી વધુ 8.07% જેટલો છે.

VIDHYAYANA

- **તારણો**

- 2011-12 થી 2018-19 વર્ષ સુધીમાં ગુજરાતમાં થયેલ કુલ દૂધનું ઉત્પાદન અને માથાદીઠ પ્રાપ્યતાના પ્રમાણમાં થયેલો સતત વધારો દેશના ડેરી ઉદ્યોગની સારી સ્થિતીનો નિર્દેશ કરે છે.
- 2011-12 થી 2018-19 વર્ષેમાં ભારતના કુલ દૂધના ઉત્પાદનમાં ગુજરાત રાજ્ય સારો હિસ્સો ધરાવે છે.

## ➢ સંદર્ભસૂચિ


(1) હસમુખ દેસાઈ, (૨૦૦૯) ‘ દૂગ્ધ પર્વ ’ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

(2) કુણાલ કડિયા અને અન્યો, (૨૦૧૭) ‘ ડેરી ઉદ્યોગ ’ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

(3) https://apeda.gov.in

(4) https://www.nddb.org

(5) https://em.m.wikipedia.org.>wiki

(6) Dairying in Gujarat A Statistical Profile 2013